# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------

**(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.**

# AMDAVAD NAVKAR MANTRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના GMDC મેદાન ખાતે આજે વિશ્વ નવકાર મહામંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા નવકાર મહામંત્ર દિવસ કાર્યક્રમનું જીવંત પ્રસારણ દર્શાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, નવકાર મહામંત્રનો પ્રત્યેક અક્ષર એક મંત્ર છે. શ્રી મોદીએ નવકાર મહામંત્રમાં ઉલ્લેખિત ભગવાનના જ્ઞાનનું વર્ણન પણ કર્યું હતું.

## (બાઈટઃ નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

શ્રી મોદીએ સંબોધન દરમિયાન ઉપસ્થિત લોકોને પાણી બચાવવા, એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષ વાવવા, સ્વચ્છતા, વૉકલ ફૉર લોકલ સહિત નવ સંકલ્પ લેવડાવ્યા હતા.

. . . . . . . . . . . .

# BOTAD NAVKAR

બોટાદ શહેરમાં નેમી ઉદય નંદન વિહાર ઉપાશ્રય ખાતે  આજે શ્રી નવકાર મહામંત્રના જાપ કરવામાં આવ્યા. આ પ્રસંગે નવકાર મહામંત્રનું મહત્વ પણ સમજવામાં આવ્યું હતું. આ અંગે જૈન અગ્રણી વિમલ ગાંધીએ વધુ માહિતી આપી.

( બાઇટ-વિમલ ગાંધી, જૈન અગ્રણી)

. . . . . . . . . . . .

# GCAS BETHAK

રાજ્યના ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે મહાવિદ્યાલયમાં પ્રવેશ માટે કોઈ પણ વિદ્યાર્થીને હાલાકી ન પડે તેનું વિશેષ ધ્યાન રાખવા સૂચના આપી છે. ગાંધીનગરમાં યોજાયેલી ગુજરાત કૉમન એડમિશન સર્વિસીઝ એટલે કે, જીકાસ પૉર્ટલની સમીક્ષા બેઠકમાં શ્રી પટેલે આ સૂચના આપી છે. બેઠક દરમિયાન તેમણે આ વર્ષે યોજાનારી પ્રવેશ પ્રક્રિયા તેમજ જીકાસ પૉર્ટલ માટેની પ્રવેશ સલાહકાર સમિતિની ભલામણોની પણ સમીક્ષા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, જીકાસ પૉર્ટલ મારફતે પ્રવેશ કામગીરીને સરળ અને સઘન બનાવવા મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયને તાલીમ આપવામાં આવી છે.

. . . . . . . . . . . .

# TAPI LOKDARBAR

સુરત રેન્જ આઈજી પ્રેમવીર સિંહની અધ્યક્ષતામાં  તાપી જિલ્લાના વ્યારા પોલીસ મુખ્યમથક ખાતે લોકદરબાર યોજાયો, જેમાં લોકોએ વિવિધ

પ્રશ્નો રજૂ કર્યા હતા. લોક દરબારમાં સાઇબર ગુના અંગે પણ અંગે રેન્જ આઇજીએ માર્ગદર્શન આપ્યું.

(બાઈટ- પ્રેમવીર સિંહ (સુરત રેન્જ આઈજી)

. . . . . . . . . . . .

## BECHARAJI MELO - SUVIDHA

મહેસાણા જિલ્લાના યાત્રાધામ બહુચરાજી ખાતે આવતીકાલથી ચૈત્રી પુનમના મેળાનો પ્રારંભ થશે, જેને લઈને ભક્તોની સગવડ અને સલામતી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. તે અંતર્ગત મામલતદાર કચેરી ખાતે 24 કલાક કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરાયો છે. જ્યારે ભારે વાહનોના માર્ગ માટે જાહેરનામું પણ પ્રસિદ્ધ કરાયું છે. આરોગ્ય માટે વિવિધ 13 સ્થળોએ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

દરમિયાન, સુરેન્દ્રનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા ખાતે ચૈત્રી પૂનમ નિમિત્તે ધજા અર્પણ કરવા જતા પદયાત્રીઓ માટે વિરમગામ - લખતર - સુરેન્દ્રનગર રાજમાર્ગ પર સેવા કેમ્પ શરૂ કરાયા છે, જેમાં ચા-નાસ્તો, જમવાનું, દવાઓ, મોબાઇલ ચાર્જિંગ સહિતની સુવિધા ઉપલબ્ધ રહેશે.

. . . . . . . . . . . .

## MORBI SCHOOL KARYAVAHI

મોરબી જિલ્લામાં આગ સલામતીની કામગીરી ન કરનારી 17 શાળા સામે કાર્યવાહી કરવામાં આવી છે. મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે, જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આ શાળાઓને અગાઉ ત્રણ વખત નૉટિસ આપવામાં આવી હતી. તેમ છતાં આગ સલામતીની કામગીરી ન થતાં છ અનુદાનિત અને 11 સ્વ-નિર્ભર શાળા સામે કાર્યવાહી કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણ અધિકારીએ શાળાઓના આચાર્યોને તાત્કાલિક સિસ્ટમ ઇન્સ્ટૉલ કરવાની તાકીદ કરી હતી. તેમ છતાં જો કામ નહીં થાય તો શાળાની માન્યતા રદ કરવાની ભલામણ કરાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવ્યું છે.

. . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે જણાવ્યું, રાજ્યમાં આગામી 24 કલાકમાં રાજ્યમાં ગરમીનું મોજું યથાવત્ રહેશે. ત્યારબાદ તાપમાનમાં બે-થી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ રાજ્યના કેટલાક ભાગમાં મહત્તમ તાપમાન 41થી 45 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની શક્યતા છે.

દરમિયાન ભાવનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે હિટવૅવના આગોતરા આયોજન અંગે બેઠક યોજાઈ હતી, જેમાં કલેક્ટરે હિટવૅવ

દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવા નિર્દેશ આપ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં સૌથી વધુ 45 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયું હતું. જ્યારે અમરેલી અને રાજકોટમાં 44 ડિગ્રી, કચ્છના ભુજ, કંડલા હવાઈમથક, મહુવા, કેશોદ, અમદાવાદ અને ડીસામાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

. . . . . . . . . . . .